મોડાસાની જલદર્શન સોસાયટીમાં

ઘરમાં ચેઈનસ્નેચર ત્રાટકી મહિલાના ગળામાંથી ૨ તોલાનો અછોડો તોડી ફરાર

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જીલ્લામાં પોલીસતંત્રની નિષ્ફળ કામગીરીથી જીલ્લામાં ચેનસ્નેચરોનો આતંક અને હિંમત વધી હોય તેમ બેફામ બની રહેણાંક એરિયામાં ઘરમાં ત્રાટકી અછોડા તોડી ફરાર થતા મહિલાઓ હવે ઘરમાં પણ સુરક્ષિત ન રહેતા મહિલાઓમાં ફફડાટ ફેલાયો છે. ગુજરાત રાજયમાં સોનાના દોરાની ચીલઝડપના વ્યાપક પ્રમાણમાં બની રહેલા બનાવો અટકાવવા સાથે મહિલાઓની સુરક્ષા સંદર્ભમાં રાજ્ય સરકાર દ્વારા ચેઈન સ્નેચિંગ કરનારને ૫ થી ૧૦ વર્ષ સુધીની સખત કેદની સજા તેમજ રૂપિયા ૨૫ હજારનો દંડ કરવાની સાથે રાજ્ય સરકારે આ બાબતે વટહુકમ બહાર પાડવા કરેલા નિર્ણય અંગે ગૃહ રાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ થોડા સમય અગાઉ જણાવ્યું હતું કાયદાની જોગવાઈ મોટા ઉપાડે થાય છે પણ અમલવારી કરાવવા અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર ઉણુ ઉતારતા ચાઈનસ્નેચરો માટે ખુલ્લું મેદાન હોય તેમ ચેઈનસ્નેચીંગ કરી સમડીની માફક ઉડી જતા હોવાથી જીલ્લાના પ્રજાજનો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે.

અરવલ્લી જીલ્લામાં ચાઈનસ્નેચરો અને પોલીસતંત્ર વચ્ચે સંતાકૂકડી રમાતી હોય તેવો ઘાટ સર્જાયો છે. ચેઈનસ્નેચીંગ ની ઘટના જાહેર રસ્તાઓ,

ભીડભાળવાળી જગ્યાઓ અને મંદિરની આજુબાજુ વધુ બનતી હોય છે ત્યારે ચેઈનસ્નેચરોની હિંમત વધતા અને પોલીસના અસ્તિત્વને ચેલેન્જ અપાતા હોય તેમ રહેણાંક સોસાયટીમાં ઘરમાં ત્રાટકી મહિલાનો અછોડો તોડી હવામાં ઓગળી જવાની મોડાસામાં ઘટના બનતા પોલીસતંત્રની નિષ્ક્રિય કામગીરી સામે અનેક સવાલ પેદા થયા છે. મોડાસાના માલપુર રોડ પર આવેલી જલદર્શન સોસાયટીમાં સવારમાં ઘરમાં કામકાજ કરતા રેણુકાબહેન મુકેશભાઈ કડિયાને ચાઈનસ્નેચરોએ બાઈક પર આવી સરનામું પૂછવાના બહાને જાળી નજીક બોલાવી મહિલાના ગાળામાં રહેલા ૨ તોલા સોનાનો અછોડો કિં. રૂ. ૪૫૦૦૦નું લૂંટી ફરાર થઈ જતા મહિલાએ બેબાકળી બની બુમાબુમ કરતા પરિવારના સભ્યો અને આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા. ચેઈનસ્નેચીંગનો ભોગ બનેલ મહિલાએ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાળા કલરની બાઈક પર આવેલા અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ચેનસ્નેચર હવે મેટ્રો સિટીને છોડી નાના શહેરોમાં આવી પોલીસની છાવણી નીચે પોતાનો અડ્ડો જમાવ્યો હોય તેવું લાગી રહ્યું છે. એકજ સપ્તાહમાં બીજી ચેઈનસ્નેચીંગ ઘટના નોંધાતા વારંવાર મોડાસામાં ચેઈન સ્નેચરની ઘટનાઓને પોલીસતંત્ર ધ્યાને ન લેતા મહિલાઓ પોતે અસુરક્ષિત મહેસૂસ કરી રહી છે. મોડાસામાં પોલીસતંત્રએ આખો સ્ટાફ એક તરફી દારૂના દૂષણને ડામવા અને ટ્રાફિક પર લગાવી દીધુ છે પરંતુ પોલીસ એ ભૂલી ગઈ છે કે શહેરમાં મહિલા પણ છે અને તેઓના ગળામાં સોનાનો દોરો પણ હોય છે હાલ તો ચેન સ્નેચર એટલા ફૂલ્યા ફાલ્યા છે કે પોલીસને પણ ન ગાંઠતા હોય તેવું લાગી રહ્યું છે. પોલીસતંત્ર ચેઈનસ્નેચરોના ઘૂંટણિયે પડી ગયું હોય તેવો અહેસાસ પ્રજાજનો અનુભવી રહ્યા છે.

પ્રાંતિજ ગોપીનાથ સોસાયટી આગળથી ૮૦ હજારની ચિલઝડપ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ ગોપીનાથ સોસાયટીના ગેટ આગળથી કારનો દરવાજો ખોલી ૮૦ હજારની ચીલ ઝડપ થઈ હતી.

પ્રાંતિજ સહિત તાલુકામાં નાનીમોટી ચોરી તથા ચીલ ઝડપમા વધારો થયો છે છતાં પ્રાંતિજ પોલીસ ઘોર નિદ્રામાં હોય તેવું જોવા મળી રહ્યું છે. પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ ગોપીનાથ સોસાયટી તથા એલ.આઈ.સી સામેથી ભર બપોરના ચાર વાગ્તાના પ્રાંતિજ એચ.ડી. એફ. સી. બેંકમાંથી ૮૦ હજાર ઉપાડી કારચાલક પટેલ હિતેશભાઈ નટવરભાઈ રહે. તાજપુર કારમાં રહેલ પાકિટમા મુકીને કાર માલિક ૨૦૦ મીટર કાર લઈને જઈને ગોપીનાથ સોસાયટી આગળ ઉભેલ સફળજનની લારી પાસે કાર સાઈડમાં કરી સફરજન ખરીદી કરી રહ્યો હતો તે દરમ્યાન મોઢે રૂમાલ બાંધીને બાઈક ઉપર આવેલ બે ઈસમો કારનો દરવાજો ખોલી ૮૦ હજાર ભરેલ પાકિટ લઈને ભાગતા કારચાલક પટેલ હિતેશભાઈ નટવરભાઈએ બુમાબુમ કરતાં આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા પણ મોઢે રૂમાલ બાંધીને આવેલ બાઈક ચાલકો આંખના પલકારામાં ૮૦હજાર ભરેલ પાકિટ લઈને ભાગી ગયો હતો.

તલોદનગર વિસ્તારમાં લાખો-કરોડોના ખર્ચે નિર્માણ પામેલ સીસીરોડ માર્ગોની હાલત કફોડી બની છે જેથી પ્રજા ત્રાહિમામ છે. જે તે કોન્ટ્રાક્ટર એજન્સી અને જવાબદાર પાલિકાનું તંત્ર અહીં બેજવાબદારી દાખવી ચુક્યું છે. નગરની નિજાનંદ સોસાયટીનો નવો પાકો રોડ એકાદ ઈંચ વરસાદમાંય તળાવ જેવો ભરાઈ જાય છે. આ રોડ માર્ગ સંદર્ભે ક્વોલિટી કંટ્રોલ દ્વારા તપાસ થાય અને પ્રજાના પૈસા વેડફનારા લોકોને નશ્યત થાય તેવી લોકમાંગણી ઉદ્ભવી છે.

કાંકરેજ મામલતદારે રેતી ચોરી કરતા બે ડમ્પર ઝડપ્યા

કાંકરેજ, તા. ૨૦

આજરોજ રવિવારે કાંકરેજ મામલતદાર સજ્જનસિંહ ચૌહાણે બનાસનદીમાંથી રોયલ્ટી પાસ

વગર અને રેતીની ચોરી કરી દિયોદર તરફ જતા બે ડંફરોને રોકાવી ચેક કરતા કોઈ ડ્રાયવર પાસે રોયલ્ટી પાસ ના હોવાથી આ બન્ને ડંફરોને સરકારની મિલકતની ચોરીમા સિઝર કરી શિહોરી પોલીસ સ્ટેશને લાવી શિહોરી પોલીસને હવાલે કર્યા છે. મામલતદારની કામગીરીથી આમલોકોમા પ્રશંસા થઈ છે, અને ભુમાફિયાઓમા ફફડાટ વ્યાપી ગયો છે.

આજ રોજ રવિવારે સાંજે કાંકરેજ મામલતદારે શિહોરી દિયોદર ત્રણ રસ્તા પાસે બનાસનદીમાંથી રેતી ભરી આવતા બે ડંફરોને ઉભા રખાવી તપાસ કરતા બન્ને ડંફરો બનાસનદીમાંથી રેતીની ચોરી કરીને જઈ રહયા હતા. બન્ને ડંફરોને સરકારી રોયલ્ટી પાસ લીધો ન હતો અને રોયલ્ટી ભર્યા વગર રેતી ભરીને દિયોદર તરફ જઈ રહયા હતા, તેથી રેતી ચોરી માલુમ પડતા આ બન્ને ડંફરો નં. જીજે.૦૮.ઝેડ.૮૬૧૨અને જીજે.૦૮.ઝેડ.૨૭૨૬ને ઝડપી શિહોરી પોલીસ સ્ટેશને હવાલે કર્યા છે, અને સરકારની મિલકતની ચોરી કરી રહયાનો રિપોર્ટ કરી ખાણ અને ખનીજ વિભાગ પાલનપુરને તાપસ કરી દંડ વસુલ કરવા મોકલી આપ્યું છે અને બનાસનદીમાંથી આ બન્ને ડંફરો કઈ અને કોની લીઝમાથી અને કોના ત્યાંથી રોયલ્ટી વગર રેતી ભરી છે તે મહત્વની તપાસ કરી લીઝ ધારક સામે પણ કડક પગલા લેવા જોઈ એ તેમાં મામલતદાર સજ્જનસિંહ ચૌહાણ, બચુજી સોલંકી, સર્કલ, બાબુભાઈ જોષી, સર્કલ હાજર રહી સરકારના ધારાધોરણ મુજબ કેસ કરી વધુ તપાસ ખાણખનિજ વિભાગ પાલનપુરને મોકલી આપ્યું છે.

ગબ્બર ગોળીયામાં આવેલા આપેશ્વર મહાદેવ મંદિરમા બરફના અમરનાથ

હાલમાં દેશભરમાં શ્રાવણ માસ ચાલી રહ્યો છે અને આ દેશમાં આવેલા વિવિધ શિવ મંદિરોમાં આવા ભજનો સાંભળવા મળી રહ્યા છે.શિવ હે શંભુ, શિવ હે શંકર અને બાબા અમરનાથ બરફાની ભૂખે કો અન્ન પ્યાસે કો પાની ત્યારે શક્તિપીઠ અંબાજીમા આવેલા શિવ

મંદિરોમાં પણ શિવભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. આ સોમવાર મારવાડી શ્રાવણ માસનો અંતિમ હોઈ આજે અંબાજીથી ગબ્બર માર્ગ પર રબારી ગોળીયામા આવેલા સ્વયંભુ આપેશ્વર મહાદેવના મંદિરમાં આજે સેવકગણ દ્વારા બરફ અને ઘીનો ઉપયોગ કરી બાબા અમરનાથ બનાવવામાં આવ્યા હતા, આજે વહેલી સવારથી આપેશ્વર મહાદેવ મંદિરમા ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. આ મંદિરમા છેલ્લા ૬ વર્ષોથી દર શ્રાવણ માસમાં બરફના અમરનાથ બનાવવામાં આવે છે, આ રાખડી પુનમના રોજ રાજસ્થાની શ્રાવણ માસ પુરો થાય છે અને શક્તિપીઠ અંબાજીમા મારવાડી સમાજના લોકો વધુ વસવાટ કરે છે.

આજે શિવ ભક્તો માટે અંબાજી ના ગબ્બર માર્ગ પર આવેલા આપેશ્વર મહાદેવ મંદિર મા સેવકગણ અને ભક્તો દ્વારા બાબા અમરનાથ બનાવવામાં આવ્યા હતા ,બરફ અને ઘી નો ઉપયોગ કરી આ મંદિર માં વહેલી સવાર થી મોડી રાત સુધી ભક્તો ની ભારે ભીડ જોવા મળી હતી અને સાંજે ૭ વાગે મહા આરતી પણ કરવામાં આવી હતી અને રાત્રે ભજન સંધ્યા પણ યોજાઈ હતી આ મંદિર માં રબારી સમાજ ના લોકો અને બીજા અન્ય સમાજ ના લોકો પણ સેવા કરે છે આજે ભક્તો માટે પ્રસાદ પણ આપવામાં આવ્યો હતો વીરાજી રબારી, સરૂપાજી રબારી, વિજયભાઈ દેસાઈ અને વિવિધ સેવકો સેવા કરતા જોવા મળ્યા હતા.

ભિલોડા ખાતે રાજીવ ગાંધીના જન્મદિને કોંગ્રેસ દ્વારા વૃક્ષારોપણ

આધુનિક ભારતના સ્વપ્નદ્રષ્ટા, ડિઝીટલ ટેક્નોલોજીના હિમાયતી અને યુવાનોને અઢાર વર્ષે મતાધિકાર અપાવનાર યુવાનોના આદર્શ એવા પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીજીની જન્મ જયંતી નિમિત્તે અરવલ્લી જિલ્લા યુવા કોંગ્રેસ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. અરવલ્લી જીલ્લા યુથ કોગ્રેસ વતી ભિલોડા ખાતે ચાલતી સ્વસ્તીક સ્કુલ ખાતે આજ રોજ ધારાસભ્ય ડૉ. અનિલભાઈ જોષીયારા, જીલ્લા પંચાયત ઉપપ્રમુખ ચિમનભાઈ કટારા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

પીએસઆઈ દ્વારા 'દારૂની બોટલ લાવી આપ કહી' જીવલેણ હુમલો કરતા ચકચાર

પીએસઆઈ પ્રવીણ ગામીત અને તેની સાથે રહેલ અસામાજિક તત્વોની દબંગાઈ

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જીલ્લામાં કાયદાનો રક્ષક જ ભક્ષક બન્યા હોય તેવી ઉપરાછાપરી ઘટનાઓ બનતા પોલીસ પરથી પ્રજાજનોનો વિશ્વાસ ડગમગી ઉઠ્યો છે. ખાખી વર્દીને લાંછન લગાડતી વધુ એક ઘટના બનતા જિલ્લા પોલીસ વડા મયુર પાટીલ માટે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ માથાનો દુખાવો બન્યો હોય તેવો ઘાટ સર્જાયો છે. મોડાસાના ટીંટોઈ નજીક સાદા કપડામાં રહેલા એમ.ટી.પીએસઆઈ અને ૩ અન્ય શખ્સોએ દબંગાઈ કરી ઢાબાના માલિક પાસે વિદેશી દારૂની બોટલ માંગતા ના પડતા ગમે ત્યાંથી લાવી આપ કહી ઉશ્કેરાઈ જઈ માથામાં લોંખડની પાઈપ મારી ગડદાપાટુનો માર મારતા ઢાબાનો માલિક ફસડાઈ પડતા અને આજુબાજુથી લોકો દોડી આવતા પીએસઆઈ અને ૩ શખ્સો બાઈક લઈ ફરાર થઈ ગયા હતા. ગંભીર ઈજાગ્રસ્ત ઢાબાના માલિકને સારવાર અર્થે મોડાસા સાર્વજનિક હોસ્પિટલ ખસેડાયો હતો. ઢાબાના માલિકની પત્નીએ પોલીસકર્મી સહીત અન્ય ૩ શખ્સો સામે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસકર્મીની દબંગાઈ સામે આવી હતી.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર,મોડાસાના ટીંટોઈ નજીક મસ્ત હરિયાણા ઢાબાના માલિક રોહતારસિંગ કરતારસિંગ ચૌધરી (રહે.શામળપુર, ભિલોડા) અન્ય સ્થળે હોટલ બનાવવા સ્થળની

શોધમાં હતા. સ્થળની શોધમાં ટીંટોઈ હાઈસ્કૂલ નજીક બાઈક પર પસાર થતા હતા ત્યારે અરવલ્લી જીલ્લામાં એમ.ટી વિભાગમાં પીએસઆઇ તરીકે ફરજ બજાવતા પ્રવીણભાઈ લલ્લુભાઈ ગામીત (રહે. બ્રહ્મપુરી, તા. ભિલોડા) સાદા કપડામાં અન્ય ૩ શખ્સો સાથે પહોંચી રોહતારસિંગ પાસે વિદેશી દારૂની બોટલ માંગતા ના પાડતા ગમે ત્યાંથી લાવી આપ કહી દારૂના નશા માટે તડપતો હોય તેમ ભાન ભૂલી ઉશ્કેરાઈ જઈ દબંગાઈ કરી લોંખડની પાઈપ માથામાં ફટાકરી ગંભીર ઈજા પહોંચાડી હાથે, કમ્મરના ભાગે લાકડીના ફટકા મારી પીએસઆઈ સાથે રહેલા અન્ય ત્રણ શખ્સો પણ ગડદાપાટુનો માર મારી બેફામ ગાળો બોલતા આજુબાજુથી લોકો દોડી આવતા દબંગી પીએસઆઈ પ્રવીણ ગામીત ત્રણે શખ્સો ફરાર થઈ જતા હુમલાના ઘટનાની જાણ થતા પરિવારજનો દોડી આવી ઈજાગ્રસ્ત રોહતારસિંગને સારવાર અર્થે મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. રોહતારસિંગની પત્ની ટીનાબેને મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં પ્રવીણભાઈ લલ્લુભાઇ ગામિતિ (રહે. બ્રહ્મપુરી, ભિલોડા) તથા અન્ય ૩ શખ્સો સામે ફરિયાદ નોંધાવતા મોડાસા રૂરલ પોલીસે ઈ.પી.કો કલમ ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા જીપીએકટ કલમ ૧૩૫ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અમારી કોલેજ - સ્વચ્છ કોલેજ

સ્વ. એસ.એચ. જોષી અને બી.કે. જોષી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બમણામાં પ્રિ. ડૉ. કલ્પનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. અંતર્ગત હે.ઉ.ગુ.યુનિ.નિર્દેશથી તા. ૧-૮-૨૦૧૮ થી તા. ૧૫-૮-૨૦૧૮ સુધી 'સ્વચ્છતા પખવાડિયું' ઉજવવામાં આવ્યું. 'સ્વચ્છતા પખવાડિયું'ના ભાગરૂપે કોલેજમાં વૃક્ષારોપણ 'સ્વચ્છ કેમ્પસ, ગ્રીન કેમ્પસ', કોલેજમાં સફાઈ 'અમારી કોલેજ, સ્વચ્છ કોલેજ', મહિલા સશક્તિકરણ 'બેટી બચાવ, બેટી પઢાવો' સ્વચ્છતા અંતર્ગત ગામ સફાઈ તેમજ રેલી નીકાળી વિવિધ સુત્રો દ્વારા જન જાગૃતિ માટેના પ્રયત્નો આ પખવાડિયા દરમિયાન કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં એન.એસ.એસ.ના ૬૦ સ્વયંસેવકો તેમજ કોલેજ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રો. ઓ. પ્રા. નિવૃત્તિનાથ જોષીએ કર્યું હતું.

તત્વ ઈન્સ્ટીટ્યુટના વિદ્યાર્થીઓની સરદાર સરોવર ડેમની મુલાકાત

તત્વ ઈન્સ્ટીટ્યુટના સિવિલ ઈજનેરી શાખામાં અભ્યાસ કરતાં બી.ઈ. સેમ-૭ના વિદ્યાર્થીઓને વિષયનું જ્ઞાન વધે તે માટે સરદાર સરોવર ડેમની મુલાકાત લીધી હતી. સરદાર સરોવર ડેમના ટેકનીકલ ગાઈડ વિદ્યાર્થીઓને સરદાર સરોવર ડેમની ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. આ વિઝીટનું સફળતાપૂર્વક આયોજન સિવિલ ઈજનેરી શાખાના હેડ પ્રો. યુનુસ ઝાઝ અને વિઝીટ ઈન્ચાર્જ પ્રો. કલ્પેશસિંહ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. તે બદલ સંસ્થાના ડાયરેક્ટર જયદત્તસિંહ પુવાર, પ્રો. ડૉ. એમ.બી. દીવાન તથા ટ્રસ્ટીગણ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

મહેસાણાના પરા મંદિરની ઓરડીમાંથી ચરસ અને ગાંજો ઝડપાયો, ૩ની ધરપકડ

મહેસાણા, તા. ૨૦

મહેસાણાના પરા મંદિરની ઓરડીમાંથી ગઈકાલે ચરસ અને ગાંજાનો જથ્થો ઝડપાયો હતો. જેમાં એક મહિલા સહિત ચાર વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી. ઝડપાયેલા ચારેયને આજે પોલીસે કોર્ટમાં રજૂ કર્યા હતા. અદાલતે ચાર પૈકી ત્રણના ૬ દિવસના રીમાન્ડ મંજૂર કર્યા હતા. જ્યારે એક આરોપીને જ્યુ. કસ્ટડીમાં મોકલવાનો આદેશ કર્યો છે.

કેસની ટૂંકી વિગત પ્રમાણે, મહેસાણા એસઓજી પોલીસને મળેલી બાતમીના આધારે ગઈકાલે શહેરના પરામાં આવેલ અંબાજી મંદિરમાં રેડ કરી હતી. અહીં મહંતની ઓરડીમાંથી ચરસ અને ગાંજાના જથ્થા સાથે હિમાચલપ્રદેશની દુર્ગાપુરી ચૌહાણ, મહંત રામકિશોરદાસ, અશ્વિન ચૌહાણ અને પ્રમસિંહ ચૌહાણની ધરપકડ કરી રૂ. ૧૧.૫૯ લાખની મત્તા કબજે કરી હતી. આ કેસની તપાસ મહેસાણા એલસીબીના પીઆઈ આર.એસ. પટેલ ચલાવી રહ્યા છે. દરમ્યાન આજે પોલીસે ઝડપાયેલા ચારેય આરોપીઓને મહેસાણાની કોર્ટમાં રજૂ કર્યા હતા. જેમાં અદાલતે દુર્ગાપુરી, અશ્વિન અને પ્રેમસિંહના ૬ દિવસના રીમાન્ડ મંજૂર કર્યા હતા. જ્યારે મહંત રામકિશોરદાસને જ્યુ. કસ્ટડીમાં મોકલી આપવાનો હૂકમ કર્યો હતો.

બારડોલીનો સાગર ઠાકર ૩૦૧ કિ.મી. ટ્રેક્ટર ટ્રોલી રિવર્સ ચલાવી વર્લ્ડ રેકોર્ડ સ્થાપવા નીકળ્યો

સાગર ઠાકરે અગાઉ ચાર વિશ્વ વિક્રમ સ્થાપ્યા હોવાનું જણાવી ૫ વર્લ્ડ રેકોર્ડ બનાવવા કટિબદ્ધ

મોડાસા, તા. ૨૦

વ્યક્તિને લગન અને ઝુનુન જ રેકોર્ડ સ્થાપવા માટેનો ઉત્સાહ પુરો પાડતો હોય છે અને એટલે જ બારડોલીના એક યુવાન પોતાના નામે પાંચમો વલ્ડ રેકોર્ડ સ્થાપવા જઈ રહ્યો છે. પાંચમો રેકોર્ડ પોતાના નામે કરવા માટે યુવાને અરવલ્લીના મોડાસાથી અનોખો રેકોર્ડ ટ્રેલર સાથેના ટ્રેક્ટરને રીવર્સ ચલાવીને ૩૦૧ કીલોમીટર કાપશે. ખેડૂતોના માટે થઈને યુવાન આ રેકોર્ડ સ્થાપશે.

કહેવાય છે ને કે કંઈક કરવા માટે લગન જોઈએ અને મન પર ઝુનુન સવાર હોવુ જોઈએ. બારડોલીના સાગર ઠાકરના મન પર પણ કંઈક આવી જ ધુન સવાર છે અને એટલે જ તે હવે લાગલગાટ પાંચમો વિશ્વ વિક્રમ સ્થાપવા જઈ રહ્યો છે. સાગર ઠાકરે અગાઉ ચાર વિશ્વ વિક્રમ પોતાના નામે કર્યા છે અને હવે તે અત્યંત અઘરો કહી શકાય એવો વિક્રમ સ્થાપવા માટે શરુઆત કરી છે. સાગર ઠાકરે ટ્રેક્ટરને ટ્રેલર સાથે જોડીને રીવર્સ ચલાવવાનુ સાહસ કર્યુ છે. તે અરવલ્લી જીલ્લાના મુખ્ય મથક મોડાસાથી તેણે શરુઆત કરી છે અને તે બારડોલી ખાતે ૩૦૧ કીલોમીટરે તેના સાહસને પુરુ કરશે. ટ્રેક્ટરને ટ્રેલર સાથે જોડીને તેને ઉંધુ એટલે કે રીવર્સ હંકારવુ એ એક ચેલેંજીંગ ડ્રાઈવીંગ માનવામાં આવે છે અને આ ચેલેન્જને સાગરે પુરી કરવા માટેનુ બીડુ ઝડપ્યુ છે અને તે પણ ૩૦૧ કીલોમીટર રીવર્સ ટ્રેક્ટર ચલાવીને વિક્રમ સ્થાપશે તેમ જણાવ્યું હતું.

સાગરે અગાઉ કારને જયપુરથી મુંબઈ સુધી રીવર્સકાર ચલાવીને રેકોર્ડ સ્થાપ્યો હતો અને હવે તે ટ્રેકર સાથે ટ્રેલર જોડેલુ રીવર્સ હંકારીને વિક્રમ સ્થાપશે. અગાઉ આ પ્રકારનો વિશ્વ વિક્રમ આયરલેન્ડના પેટ્રીક સાલ્વીએ સ્થાપ્યો હતો અને તેણે માત્ર વીસ કીલોમીટર સુધી ટ્રેક્ટર રીવર્સ હંકાર્યુ હતુ પણ જેની સામે સાગર હવે અરવલ્લીની ગીરીમાળાઓના ચઢાવ અને ઉતાર વાળા રસ્તાઓ પર અરવલ્લી અને મહીસાગર, પંચમહાલ, વડોદરા અને ભરુચ જેવા જીલ્લાઓમાંથી પસાર થતા માર્ગો પર રીવર્સ ટ્રેક્ટર હંકારીને વિક્રમ સ્થાપશે. આ માટે તેમના મિત્રો પણ તેમનો ઉત્સાહ વધારવા સાથે રહે છે.

અનોખા વિશ્વ વિક્રમને ખેડૂતો સાથે જોડવામાં આવ્યો છે અને ખેડૂતોના મહત્વના સાધન અને વાહન ગણાતા ટ્રેક્ટર અને ટ્રેલરને લઈને ખેડૂતો માટેનો વિક્રમ ગણાવવામાં આવશે અને ખેડૂતો માટેની મહત્વતાની જાગૃત કરવામાં આવશે.